ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**ક્રમાંક – 2026/06- 194**

**પ્રેસનોટ:-01** **તા. 08/06/2026**

રાજ્યસભાની દ્વિ-વાર્ષિક ચુંટણી અંતર્ગત ભાજપાના ચારેય ઉમેદવારોએ ગુજરાત વિધાનસભા ખાતે નામાંકન પત્રક રજૂ કર્યું

-------

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ચારેય ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

-------

ગુજરાતની રાજ્યસભાની તમામ ૧૧ બેઠકો પર ભાજપાના સભ્યો નિયુક્ત થવાથી નવો કીર્તિમાન સ્થાપિત થશે, જે ઘટના ઇતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત થશે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

જનતાના ભાજપા પ્રત્યેના પ્રચંડ જનસમર્થનના પરિણામે ગુજરાતમાં કોંગ્રેસ માત્ર ૧૨ ધારાસભ્યો સુધી સીમિત થઈ જતાં ગુજરાતના રાજ્યસભાના સભ્યોના સંદર્ભમાં ગુજરાત કોંગ્રેસ મુક્ત થશે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

રાજ્યસભામાં જવા જઈ રહેલા ભાજપાના પાયાના કાર્યકર એવા ચારેય ઉમેદવારો ગુજરાતની સાડા છ કરોડની જનતાનો અવાજ બનશે અને દેશના લોકતંત્રના સર્વોચ્ચ ગૃહમાં રાજ્યના પ્રશ્નોને વાચા આપશે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ગૃહ રાજ્ય એવા ગુજરાતમાં જનતાએ ભાજપના પ્રતિનિધિઓને એટલી પ્રચંડ બહુમતીથી ચૂંટ્યા છે કે આજે રાજ્યસભા માટે ફોર્મ ભરવાની પણ કોંગ્રેસની સ્થિતિ રહી નથી - શ્રી જીતુભાઈ વાઘાણી

-------

છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતની જનતાએ કોંગ્રેસને સત્તાથી દૂર રાખી છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે ભૂતકાળમાં કોંગ્રેસનું શાસન કેટલું નિષ્ફળ રહ્યું હશે - શ્રી જીતુભાઈ વાઘાણી

-------

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

## રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવા બદલ ભાજપાના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતૃત્વનો આભાર માની આવનાર સમયમાં ગુજરાતના જનપ્રતિનિધિના રૂપમાં સતત સક્રિય રહી પોતાનું યોગદાન આપવાનો નિર્ધાર વ્યક્ત કરતા ભાજપાના ચારેય ઉમેદવારો

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે રાજ્યસભાની દ્વિ-વાર્ષિક ચુંટણી અંતર્ગત ગુજરાત વિધાનસભા ખાતે આજે ભાજપાના ચારેય ઉમેદવારો શ્રી રાજુભાઈ શુક્લ, શ્રી માનસિંહ પરમાર, શ્રી મુકેશભાઈ રાઠવા અને શ્રી જીતેન્દ્રભાઈ કણઝારિયાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં નામાંકન પત્રક રજૂ કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઈ મોદી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ મહામંત્રીશ્રીઓ ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ભાજપાના ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રક ભરાયા બાદ મીડિયા સાથેની વાતચીતમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થયા બાદ ગુજરાતના રાજકીય ઇતિહાસમાં આજે એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક ઘટના આકાર લઈ રહી છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીના માર્ગદર્શન હેઠળ રાજ્યસભાની ચૂંટણી માટે પક્ષના પાયાના  કાર્યકર્તાઓ શ્રી મુકેશભાઈ રાઠવા, શ્રી રાજુભાઈ શુક્લ, શ્રી જીતેન્દ્રભાઈ કણઝારિયાએ અને શ્રી માનસિંહ પરમારની પસંદગી કરવામાં આવી છે. આજે ફોર્મ ભરાવાની સાથે જ ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત રાજ્યસભાની તમામ ૧૧ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના સભ્યો નિયુક્ત થઈને એક નવો કીર્તિમાન સ્થાપિત કરવા જઈ રહ્યા છે, જે ઘટના ઇતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત થશે. જનતાના ભાજપા પ્રત્યેના પ્રચંડ જનસમર્થનના પરિણામે ગુજરાતમાં કોંગ્રેસ માત્ર ૧૨ ધારાસભ્યો સુધી સીમિત થઈ જતાં ગુજરાતના રાજ્યસભાના સભ્યોના સંદર્ભમાં ગુજરાત કોંગ્રેસ મુક્ત બન્યું છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં દેશ આજે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે, ત્યારે રાજ્યસભામાં જઈ રહેલા આ ચારેય સભ્યો ગુજરાતની સાડા છ કરોડની જનતાનો અવાજ બનશે અને દેશના લોકતંત્રના સર્વોચ્ચ ગૃહમાં રાજ્યના પ્રશ્નોને વાચા આપશે. જમીની સ્તરના કાર્યકર્તાઓની ઉમેદવાર તરીકે પસંદગી કરવા બદલ કેન્દ્રીય નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષશ્રીએ પૂર્ણ વિશ્વાસ દર્શાવ્યો હતો કે, આ તમામ સભ્યો આગામી દિવસોમાં વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં તથા ગુજરાતના ગૌરવને દેશભરમાં વધારવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ પ્રસંગે રાજ્ય સરકારના પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ભાજપાના ચારેય ઉમેદવારોએ વિધિવત રીતે પોતાના નામાંકન પત્રક ચૂંટણી અધિકારીશ્રી સમક્ષ રજૂ કર્યા છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સેવા, વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ મંત્ર સાથે થયેલા અનેકવિધ કાર્યોના ભાથા સાથે ભાજપાના ચારેય ઉમેદવારો સંસદના ઉચ્ચ ગૃહમાં જઈ રહ્યા છે તે સમગ્ર ગુજરાત માટે અત્યંત ગૌરવની બાબત છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ગૃહ રાજ્ય એવા ગુજરાતમાં જનતાએ ભાજપના પ્રતિનિધિઓને એટલી પ્રચંડ બહુમતીથી ચૂંટ્યા છે કે આજે રાજ્યસભા માટે ફોર્મ ભરવાની પણ કોંગ્રેસની સ્થિતિ રહી નથી. આ ઐતિહાસિક પળે ગુજરાતની જનતાનો આભાર માનતા પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વાર-તહેવારે ભાજપ પર પ્રહારો કરતી કોંગ્રેસે હવે ગંભીર આત્મચિંતન કરવાની જરૂર છે. જેમ માછલી પાણી વગર તરફડિયાં મારે તેમ કોંગ્રેસ સત્તા વગર તરફડિયાં મારી રહી છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતની જનતાએ તેમને સત્તાથી દૂર રાખ્યા છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે ભૂતકાળમાં કોંગ્રેસનું શાસન કેટલું નિષ્ફળ રહ્યું હશે.

ભાજપાના ચારેય ઉમેદવારોએ રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવા બદલ ભાજપાના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો અને આવનાર સમયમાં ગુજરાતના જનપ્રતિનિધિના રૂપમાં સતત સક્રિય રહી પોતાનું યોગદાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત